| | |
|---|---|
| RECEIVED ONE | 07-05-2026 |
| REGISTERED ON | 07-05-2026 |
| DECIDED ON | 19-06-2026 |
| DURATION | |
| YEAR:00 | MONTH:01 DAYS:12 |

सत्यमेव जयते

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

## ફોજદારી પરચુરણ અરજી નં.૭૨૩/૨૦૨૬

**Ex - 11**

**મુસ્તાક અબ્દુલ ખાલીક ખાનાણી,**
ઉ.વ.૪૭,
રહે. અલીભાઈ સોસાયટી, સાબરી મસ્જીદ પાસે,
વેરાવળ, ગીર સોમનાથ,
હાલ–મધ્યસ્થ જેલ સાબરમતી, અમદાવાદ
(જ્યુડી.કસ્ટડી તા.૬/૨/૨૦૨૬) **........ અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે**
**ગાંધીનગર.** **........ સામાવાળા**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે પ્રોકસી વિ.વકીલશ્રી. જે.આર.મોદી,
સરકાર તર્ફે શ્રી પી.ડી.વ્યાસ.

સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

## –:: જ જ મે ન્ટ ::–

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૮(૩), ૬૧

(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૦૨/૦૨/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર તરફથી ચાર્જશીટ પહેલા સેસન્સ અદાલત સમક્ષ ક્રિ.પ.અ.નં.૩૪૮/૨૦૨૬ થી દાખલ કરેલી હતી જે નામંજુર કરવામાં આવેલી છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરેલું છે. ત્યારબાદ ની આ પ્રથમ જામીન અરજી દાખલ કરેલ છે.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, અમો અરજદાર સામે અન્ય કોઈ ગુના નોંધાયેલા નથી. કુંટુંબની જવાબદારી છે. તપાસ પૂર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. જેનો સી.સી.નં.૨૭૫૧/૨૦૨૬ નો છે. તપાસ અર્થે જરુરીયાત હોવા અંગેની તપાસ કરનાર અમલદારની કોઈ રજુઆત નથી. ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. ચાર્જશીટ બાદની આ રેગ્યુલર જામીન અરજી કરેલ હોય જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, અરજદારની દુબઈ અવર–જવરની ટ્રાવેલ્સ હીસ્ટ્રીના કારણે ખોટી રીતે સદર ગુનામાં સંડોવણી કરવામાં આવેલ છે. બેંક ખાતાના વ્યવહારો કાયદાની મર્યાદામાં થયેલા છે. વિદેશમાં નાણા વીડ્રો કરવાથી કાયદાનો ભંગ થતો નથી. ફરીયાદની સમગ્ર હકીકત ધ્યાને લેતા સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે. તેઓએ કોઈ નાણાની હેરાફેરી કરેલ નથી. અને નાણા ઉપાડવા પેટે કોઈ કમીશન પણ પ્રાપ્ત કરેલ નથી. સમગ્ર કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી.મેજી. ફ.ક.ની અદાલતની હકુમતની છે. મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ છે. જેથી અમો અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ છે.

**૨.૪** વિશેષમાં જણાવેલ છે કે, આજ ગુનાના અન્ય આરોપી મોહમ્મદ તાહા શબ્બીર ભડેલા અને શબ્બીર મોહમ્મદ હનીફ ભડેલા નાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે ચાર્જશીટ બાદ જામીન મુકત કરવાનો આદેશ કરેલી છે. આ બન્ને આરોપીઓનો રોલ ધ્યાને લેતાં અમો

અરજદાર/આરોપી કરતા ગંભીર પ્રકારનો રોલ છે. આ સંજોગોમાં નામદાર વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ લો ઓફ પેરીટીના સિધ્ધાંત લઈ અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૨.૫** વિશેષમાં જણાવેલ છે કે, અમો અરજદાર સામે અન્ય કોઈ ગુના નોંધાયેલા નથી. આ સંજોગોમાં ટ્રાયલ પૂર્ણ થતા સમય જાય તેમ છે. જેથી રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર અને અન્ય આરોપીઓ ભેગા મળીને પૂર્વ આયોજીત કાવત્રુ રચેલું છે. જે મુજબ બેંક ખાતા ખોલાવી તેમાં જમા થયેલ રકમ દુબઈ ખાતે થી વીડ્રો કરવામાં આવેલી છે. અને આર્થિક લાભ પ્રાપ્ત કરેલો છે. આ હકીકત તપાસ દરમ્યાન પ્રાપ્ત થયેલ બેંકના દસ્તાવેજી પુરાવા પરથી ફલીત થાય છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપી ભારત થી દુબઈ પાર્સલ ડીલીવરનું કામ કરતા હતા. અને દુબઈ ખાતે સહ આરોપી વસીમ હનીફ ભાડેલાના સંપર્કમાં આવેલ છે અને સાયબર ફ્રોડ ધ્વારા મેળવેલ નાણા ફોરેક્ષ કાર્ડ મારફતે દુબઈ કરન્સીમાં કનવર્ટ કરવા પેટે ૨.૫% કમીશન નકકી કરી, ઉપાડી સહ આરોપી વસીમ હનીફ ભાડેલાને આપેલા છે. તે પેટે કમીશન પણ પ્રાપ્ત કરેલુ છે. જેથી અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે.

**૩.૩** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ અલગ અલગ વ્યકિતઓના પાનકાર્ડ તથા આધારકાર્ડ મેળવી તે વ્યકિતઓને સાથે રાખી કુલ–૨૬ બેંક એકાઉન્ટ ઓપન કરાવેલ છે જે પૈકી ૬ બેંક એકાઉન્ટ અરજદાર/આરોપીએ ખોલાવેલ છે. તેમાં આરટીજીએસ ધ્વારા નાસતા ફરતા આરોપી મકસુદ વાળાએ આંગડીયા મારફતે રોકડા નાણા મેળવી ઉપરોકત ૬ બેંક એકાઉન્ટમાં કુલ રૂા.૮૮,૪૮,૨૧૨.૮૩/– ક્રેડીટ કરાવેલ છે. તેમજ દુબઈ ખાતેથી ફોરેક્ષ કાર્ડ મારફત કુલ રૂા.૮૨,૮૬,૨૯૭.૩૯/– વિડ્રોવલ કરેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપીએ સહ આરોપી સાથે ભેગા મળીને સાયબર ફ્રોડ ધ્વારા મેળવેલ નાણા સગેવગે કરવા માટે મહત્વની ભુમિકા ભજવેલ છે તે બદલ સહ આરોપી વસીમ

હનીફ ભાડેલાની કબુલાત ધ્વારા રૂા.૩,૦૦,૦૦૦/– મેળવેલાની વિગત ખુલવા પામેલ છે. જે ખાતાઓ વિરુધ્ધ NCRP પોર્ટલ ઉપર અલગ અલગ રાજયમાં ગુનો નોંધાયેલા છે.

**૩.૪** વિશેષમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન ફાયન્શીયલ ઈન્ટેલીજન્સ યુનીટ ધ્વારા અલગ અલગ ૨૬ સેવીંગ બેંક ખાતાઓમાં કુલ ૧.૨૯ કરોડ ડીપોઝીટ થયેલા હોય તેમજ અલગ અલગ કરંટ તથા સેવીંગ કુલ–૫૪ બેંક ખાતાઓ માંથી NEET, RTGS, IMPS થી કુલ ૨.૯૭ કરોડ ટ્રન્સફર થયેલ જમા થયેલ છે. તેમજ ૨૬ બેંક ખતાઓમાંથી ફોરેક્ષ પ્રિ–પેડ કાર્ડ મારફતે કુલ રૂા.૪.૨૬ કરોડ વિડ્રો કરવામાં આવેલા છે. જે નાણા સાયબર ફ્રોડના હોવાનું પણ ખુલેલું છે. આ સંજોગોમાં હાલના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોય તેમ પ્રથમદર્શનીય રીતે જણાય છે.

**૩.૫** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીની સેસન્સ અદાલત સમક્ષની ક્રિ.પ.અ. નં.૩૪૮/૨૦૨૬ ની તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ક્રિ.પ.અ.નં. ૭૦૬૨/૨૦૨૬ ની જામીન અરજીઓ નામંજુર કરેલ છે. ત્યારબાદ ચાર્જશીટ થવાથી અરજદારે હાલની જામીન અરજી રજુ કરેલ છે. પરંતુ ચાર્જશીટ થવા માત્ર થી સંજોગોમાં ફેરફાર થયેલો નથી. અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી પોતાના આર્થિક ફાયદા માટે સહ આરોપીઓ સાથે ફરીથી આવા ગુના કરે તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ કુલ–૨૬ બેંક એકાઉન્ટ ઓપન કરવામાં આવેલા છે. બેંક એકાઉન્ટમાં ખુબજ મોટા પ્રમાણમાં ગુનાહિત વ્યવહારો થયેલા છે. જેથી હાલની આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ–૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

- ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના મળી આવેલ ઈસમો (૧) અબ્દુલ હફીઝ પાનવાળા, (૨) મંસ્તાક અબ્દુલ ખાલીદ ખાનાણી, (૩) શબ્બીર મોહમ્મદ હનીફ ભડેલા, (૪) મોહમ્મદ તાહા શબ્બીર ભડેલા તથ નહી મળી આવેલ ઈસમ (૧) મકસુદ સોરઠીયા, (૨) વસીમ મહોમદ હનીફ ભડેલા, (૩) અફઝલ વરવાણી, (૪) સાકીબ હાલા નાઓએ પોતાના તથા અન્ય લોકોના નામે બેંક ખાતાઓ ખોલી/ખોલાવડાવી પૂર્વ આયોજીત ગુનાહિત કાવત્રુ રચી, બેંક ખાતાઓમાં રૂપિયા મેળવી લઈ જે જમા થયેલ રૂપિયા દુબઈ ખાતેથી વીડ્રો કરી, આ કામના સહ આરોપીઓને આપી દઈ, પોતાનો આર્થિક લાભ મેળવી લઈ સાયબર ક્રાઈમના રૂપિયા સગેવગે કરી એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલો હોય જેથી ઉપરોકત પકડાયેલ ઈસમો તેમજ નાસતા–ફરતા ઈસમો વિરુધ્ધ સદરહું ગુનો કરેલાના આક્ષેપ છે.
- આ કામના અરજદાર તા.૦૨/૦૨/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/ આરોપી સામે તપાસ કરનાર અમલદાર તરફ થી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલું છે. જે સી.સી.નં.૨૭૫૧/૨૦૨૬ નો છે. જે ટ્રાયલ કોર્ટ સમક્ષ પેન્ડીગ છે. અરજદારે હાલની આ જામીન અરજી ચાર્જશીટ બાદ પ્રથમ વખત રજુ કરેલી છે. આ સંજોગોમાં મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ હોય તેમ જણાય છે.
- રજુ થયેલ પેપર્સ અને બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં, અરજદાર વિદેશ પાર્સલ મોકલવાનું કામ કરતા હોય તે રીતે અન્ય આરોપીઓના સંપર્કમાં આવેલા હતા. અને સાયબર ફ્રોડ પૈકીના મેળવેલ નાણા ફોરેક્ષ સર્વીસ ધ્વારા હિરામના કનવર્ટ કરી પ્રાપ્ત કરી, એક લાખ રૂપિયા દીઠ રૂા.૩૫૦૦/– થી ૪,૦૦૦/– કમીશન પ્રાપ્ત કરેલ હોવાના મુખ્યત્વે આક્ષેપ છે. વિશેષમાં, આ કૃત્ય કરવા માટે કુલ–૬ વ્યકિતઓના ઈન્ડસઈન્ડ બેંક ના કર્મચારીઓ સાથે મળી બેંકમાં ખાતાઓ ઓપન કરાવેલા છે. અને તે પૈકી બેંક એકાઉન્ટની કીટ પ્રાપ્ત કરી નાણા ડીપોઝીટ કરાવી ફોરેક્ષ કાર્ડ મારફતે વિડ્રો કરાવેલાનો મુખ્યત્વે આક્ષેપ છે.
- આજ ગુનાના અન્ય આરોપી મોહમ્મદ તાહા શબ્બીર ભડેલાને નામદાર ગુજરાત હાઈકોર્ટ ક્રિ.પ.અ.નં. ૧૧૫૭૯/૨૦૨૬ તથા અન્ય આરોપી શબ્બીર મોહમ્મદ હનીફ ભડેલાને નામદાર

ગુજરાત હાઈકોર્ટ ક્રિ.પ.અ.નં. ૧૧૪૬૬/૨૦૨૬ થી જમીન ઉપ મુકત કરવાનો આદેશ કરેલો છે. તેમનો રોલ ધ્યાને લેતાં અને હાલના આરોપીનો રોલ પણ વંચાણે લેતાં મહૃદ:અંશે સરખો હોવાનું જણાઈ આવે છે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં **નામદાર ગુજરાત હાઈકોર્ટના રમેશ બચુભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીને લો ઓફ પેરીટી નો લાભ આપવો યોગ્ય અને ન્યાયી જણાય છે.

- કેસની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે. તપાસ કરનાર અમલદારે તેમના સોગંદનામામા જે દહેશત વ્યકત કરેલ છે તે બાબતે યોગ્ય શરતો મુકી અરજદાર/આરોપી ઉપર જરૂરી નિયંત્રણ મુકી શકાય તેમ છે. આજ ગુનાના અન્ય સહ આરોપીને આ અદાલતે જામીન ઉપર મુકત કરવાનો આદેશ કરેલો છે.

**૫.** આમ, ઉપરોકત મુદાઓને ધ્યાનમાં લેતા અને સજાની જોગવાઈ તેમજ હાલના અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતાં તથા નામ. સર્વોચ્ચ અદાલતે **Sanjay Chandra Vs. Central Bureau of Investigation, AIR 2012 Supreme Court 830** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપીની તરફેણમાં યોગ્ય રકમના અને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

(૧) અરજદાર/આરોપી **મુસ્તાક અબ્દુલ ખાલીક ખાનાણી,** ઉ.વ.૪૮, રહે. અલીભાઈ સોસાયટી, સાબરી મસ્જીદ પાસે, વેરાવળ, ગીર સોમનાથ હાલ રહે. સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ નાઓની બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીને સી.આઈ.ડી. સાયબર કાઈમ પોલીસ સ્ટેશન ના ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૧૨/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા કલમ-૩૧૮(૩), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી. એકટ કલમ-૬૬(ડી) મુજબના ગુનાના કામે રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સ્થાનીક સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધીત કોર્ટમા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામા આવે છે.

**<u>શરતો :–</u>**

૧. આ કામના અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને ધાક–ધમકી, લોભ લાલચ પ્રલોભન આપવા–અપાવવા નહીં તેમજ ફરિયાદપક્ષના સાહેદ પુરાવા સાથે ચેડા થાય તેવુ કોઈ કૃત્ય કરવુ કરાવવુ નહીં.

૨. આ કામના અરજદાર/આરોપીએ તેમની સામેની કેસની ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે નિયમીતપણે બીનચુક હાજર રહેવું.

૩. આ કામના અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાણનુ પાકુ અને કાયમી સારનામુ (આધાર પુરાવા તથા ટેલીફોન/મોબાઈલ નંબર સહીત તથા તાજેતરના ફોટોગ્રાફ સહિત) નુ પુરૂ પાડવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો, ટ્રાયલ કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનમા લેખીત જાણ કરવી.

૪. આ કામના અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૫. આ કામના અરજદાર/આરોપીએ ભવિષ્યમાં પોતાની જાતને આ પ્રકારની કે અન્ય કોઈપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિમા સંડોવવી નહીં.

૬. આ કામના અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે હકીકત સોગંદ પર જાહેર કરવી.

(૩) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર/આરોપીના જામીન આપો આપ રદ થયેલ ગણાશે.

(૪) હુકમ અંગે સબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખ–**૧૯**મી માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૧૯–૦૬–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/